અમદાવાદમાં સળંગ બીજા દિવસે ૩૧ મોત, પાટનગર ગાંધીનગરમાં વધુ ૧૨ પોઝિટિવ કેસ મળ્યા

બે મહિનામાં ગુજરાતમાં મૃત્યુઆંક 700ની નજીક, 24 કલાકમાં 35 મૃત્યુ, 366 કેસ, 305 ડિસ્ચાર્જ

- ચેપ લાગ્યા પૂર્વે સંપૂર્ણ સ્વસ્થ ૨૦૭ નાગરિકોનો મહામારીએ ભોગ લીધો, ૪૮૭ દર્દીઓનું કો- મોર્બિડ અવસ્થામાં મૃત્યુ
- અમદાવાદમાં ૫,૨૮૭ સારવાર હેઠળ, ગાંધીનગરમાં ૧૦૬ સહિત ગુજરાતમાં ૬,૨૪૮ હોસ્પિટલમાં, ૩૮ વેન્ટિલેટર પર

કોરોનાને કારણે ભારતમાં દર ૧૦૦માંથી ૨૨ ગુજરાતીઓના મૃત્યુ, ૬૯૪માંથી અમદાવાદના ૫૫૫ નાગરિકોએ દમ તોડ્યો

જિલ્લો	આજના કેસ	કુલ કેસ						
અમદાવાદ	263	8683	બનાસકાંઠા	00	83	સાબરકાંઠા	01	39
વડોદરા	22	682	નર્મદા	00	13	અરવલ્લી	03	81
સુરત	33	1127	છોટા ઉદેપુર	00	21	મહીસાગર	02	50
રાજકોટ	01	80	કચ્છ	03	31	તાપી	00	02
ભાવનગર	04	112	મહેસાણા	00	75	વલસાડ	06	15
આણંદ	00	83	બોટાદ	00	56	નવસારી	00	08
ભરૂચ	00	32	પોરબંદર	00	05	ડાંગ	00	02
ગાંધીનગર	12	180	દાહોદ	04	28	સુરેન્દ્રનગર	01	05
પાટણ	07	49	ગીર-સોમનાથ	00	25	દેવભૂમિ દ્વારકા	00	12
પંચમહાલ	00	71	ખેડા	01	47	જૂનાગઢ	03	09
			જામનગર	00	35	અમરેલી	00	02
			મોરબી	00	02	અન્ય રાજ્ય	00	01
						કુલ	366	11,746

। ગાંધીનગર ।

ગુજરાતમાં ફરી એકવાર કોવિડ-૧૯ના પોઝિટિવ દર્દીઓમાં મૃત્યુદર વધી રહ્યો છે. સોમવારે સાંજે આરોગ્ય વિભાગ દ્વારા જાહેર થયેલા મેડિકલ બુલેટિનમાં વિતેલા ૨૪ કલાકમાં અમદાવાદમાં સતત બીજા દિવસે ૩૧ના મૃત્યુ થયાનું જણાવાયું હતું. સુરતમાં બે અને પાટણ-ભરૂચમાં એક-એક એમ કૂલ ૩૫ના મૃત્યુ થતા ગુજરાતમાં કોરોના વાઈરસનો પહેલો કેસ નોંધાયાના બે મહિનામાં કુલ મૃત્યુઆંક ૬૯૪ એટલે કે ૭૦૦ને નજીક પહોંચ્યો છે. લોકડાઉનના ૫૬માં દિવસે અમદાવાદ સહિત ૧૬ જિલ્લાઓમાંથી ૩૬૬ પોઝિટિવ કેસ મળ્યા હતા જ્યારે સારવાર હેઠળ રહેલા વધુ ૩૦૫ને ડિસ્ચાર્જ આપવામાં આવ્યા હતા.

કોરોના વાઈરસની મહામારીમાં ભારતમાં વધુ ૧૫૭ના મૃત્યુ થતા દેશમાં અત્યાર સુધી કુલ ૩૦૨૯નો ભોગ લેવાઈ ચૂક્યો છે. જેમાં ૨૨ ટકાથી વધુ ગુજરાતના નાગરીકો છે, સોમવારની સ્થિતિ ભારતમાં દર ૧૦૦માંથી ૨૨ મૃત્યુ ગુજરાતમાં નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીના કુલ ૬૯૪ પૈકી ૫૫૫ મૃતકો અમદાવાદના હતા. સોમવારે મુત જાહેર કરાયેલા ૩૫માંથી ૧૩ના મૃત્યુ પ્રાથમિક રીતે કોવિડ-૧૯ને કારણે થયાનુ જણાવાયુ છે. આમ, ગુજરાતમાં અત્યાર સુધીમાં ચેપ લાગ્યા પહેલા સંપુર્ણ સ્વસ્થ હોય તેવા ૨૦૭ દર્દીઓનું અકાળે અવસાન થયુ છે. જ્યારે પહેલાથી જ બીજી બિમારીઓ ધરાવતા હોય અને પછી કોરોનાનો ચેપ લાગ્યો હોય તેવા ૪૮૭ દર્દીઓના કો-મોર્બિડ અવસ્થામાં મૃત્યુ થયા છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧,૪૮,૮૨૪ RT-PCR ટેસ્ટમાંથી કુલ ૧૧,૭૪૬ પોઝિટિવ રિપોર્ટ મળ્યા છે. સોમવાર સાંજના મેડિકલ બુલેટિનમાં અમદાવાદમાં ૨૬૩ નવા પોઝિટિવ રિપોર્ટ મળ્યા હતા. સુરતમાં ૩૩, વડોદરામાં ૨૨ જ્યારે ગાંધીનગરમાં એક સાથે ૧૨ કેસ નોંધાયા હતા. ગુજરાતમાં શહેરોમાંથી ગ્રામ્ય વિસ્તારો તરફ નાગરીકોનું પલાયન વધી રહ્યુ છે. આ સ્થિતિને કારણે ૪૮ કલાકમાં ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલા શંકાસ્પદ નાગરીકોની સંખ્યામાં ૧.૪૦ લાખનો વધારો થયો છે. શનિવારે ગુજરાતમાં સુરત- અમદાવાદ જેવા હોટસ્પોટ એરિયા સહિત બીજા જિલ્લા તેમજ રાજ્યોમાંથી આવેલા સહિત ક્વોરન્ટાઈન હેઠળ રહેલા નાગરીકોની સંખ્યા ૩,૦૦,૬૩૩ હતી. જે સોમવારની સાંજે વધીને ૪,૪૧,૬૨૭એ પહોંચી છે. જેમાંથી ૧૦,૫૮૪ને સરકારી ફેસિલિટીમાં રાખવામાં આવ્યા છે. ગ્રામ્યક્ષેત્રોમાં આવેલા અને ક્વોરન્ટાઈનમાં રહેલા મુળવતનીઓને કારણે કોરોના વાઈરસ ફેલાઈ ચૂક્યો છે ત્યારે સોમવારે પાટણમાં ૭, વલસાડમાં ૬ નવા કેસો ઉમેરાયા હતા. આમ, લોકડાઉન વચ્ચે પણ કુલ રાજ્યમાં કરવામાં આવેલા ૫૨૨૪ ટેસ્ટમાંથી ૧૬ જિલ્લાઓમાંથી કોવિડ-૧૯ના ૩૬૬ પોઝિટિવ રિપોર્ટ મળી આવતા આરોગ્ય તંત્ર માટે હવે અમદાવાદના હોટસ્પોટ એરિયાની જેમ બીજા જિલ્લાઓમાં આ વાઈરસને ચેઈન તોડવી લગભગ અશક્ય થઈ પડ્યુ છે.

ત્રણેક દિવસ બાદ રાજ્યમાં ફરી એકવાર ૨૪ કલાકમાં ૩૦૦થી વધુને ડિસ્ચાર્જ આપવામા આવ્યા હતા. જેમાં અમદાવાદના ૧૮૧, સુરતના ૩૬ અને વડોદરાના ૪૭, જામનગરના ૯, બનાસકાંઠા- મહેસાણાના ૬ એમ કૂલ મળી ૧૩ જિલ્લાઓમાંથી ૩૦૫ ચેપગ્રસ્તો સાજા થઈને ઘરે ગયા હતા. ગુજરાતમાં સૌથી વધુ ૮૬૮૩ પોઝિટિવ કેસ ધરાવતા અમદાવાદમાં અત્યાર સુધીમાં ૨૮૪૧ દર્દીઓ સાજા થઈને ઘરે પહોંચ્યા છે. જ્યારે ૫૨૮૭ દર્દીઓ સારવાર હેઠળ છે. એડીને આવેલા ગાંધીનગરમાં કોવિડ-૧૯ના કેસોની સંખ્યા ૨૦૦ને નજીક પહોંચી રહી છે ત્યારે પાટનગરની હોસ્પિટલોમાં પણ ૧૦૬ જેટલા દર્દીઓ સારવાર હેઠળ હોવાનું બુલેટિનમાં જણાવાયુ છે. રાજ્યમાં અત્યાર સુધીના ૧૧૭૪૬ પોઝિટિવ કેસો પૈકી ૪૮૦૪ને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. આ બેઉ જિલ્લામાં કુલ પોઝિટિવ કેસ પૈકી પાંચ ટકાથી ઓછો મૃત્યુદર રહ્યો છે. જો કે, અમદાવાદમાં કુલ કેસોમાંથી ૬.૩૯ ટકા દર્દીઓના મૃત્યુ થયા છે. આમ, ગુજરાતની હોસ્પિટલમાં કુલ ૬૨૪૮ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાંથી ૩૮ને વેન્ટિલેટર ઉપર રાખવામાં આવ્યા છે.

વડા પ્રધાને CS-DGPની વીડિયો કોન્ફરન્સમાં આગોતરી જાણ કરી જ હતી

લૉકડાઉન - 4.0માં શું બંધ, શું ખુલ્લું સરકાર ઘોર નિદ્રામાં, લોકો ત્રાહિમામ્

દિલ્હી, તામિલનાડુની ફટાફટ જાહેરાતો, ગુજરાતમાં મોડે સુધી શૂન્યાવકાશ

। અમદાવાદ ।

કોરોનાના કારણે ત્રણ તબક્કાના દેશવ્યાપી લોકડાઉન પછી ૧૮મી મેથી ચોથા તબક્કાના લૉકડાઉનની કેન્દ્ર સરકારે જાહેરાત કરી દીધી અને કેટલાક ચોક્કસ પ્રતિબંધો સાથે હવે પછી શું ખોલવું, શેને મુક્તિ આપવી, શેના પર અને ક્યાં પ્રતિબંધો મૂકવા તેની સંપૂર્ણ સત્તા રાજ્યોને સોંપી છે. તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ તથા મુખ્ય સચિવો સાથેની વડા પ્રધાનની વીડિયો કોન્ફરન્સ બેઠકમાં આ અંગેની આગોતરી જાણ કરી જ દેવાઈ હતી. એટલે જ સોમવારે તામિલનાડુ અને દિલ્હી સરકારોએ ફટાફટ બપોરે જ તેમના રાજ્યોમાં લૉકડાઉન દરમિયાનના નવા નિયંત્રણો અને મુક્તિની જાણ કરી દીધી. પરંતુ ગુજરાતમાં મોડી સાંજ સુધી દરેક નાગરિક એ જ મુદ્દે ત્રાહિમામ્ હતો કે રાજ્યમાં હવે શું ખુલ્લું રહેશે અને શું બંધ રહેશે. મળેલી માહિતી મુજબ, રૂપાણી સરકાર મોડે સુધી ડીડીઓથી માંડી સંબંધિત અધિકારીઓ સાથે મંત્રણામાં જ વ્યસ્ત રહ્યું, છેલ્લા પંચાવન દિવસ પછી પણ ગુજરાતમાં લોકો નવા લોકડાઉન બાબતે અંધારામાં જ રહ્યા અને જાણે તંત્ર ઊંઘતું જ રહ્યું.

સમગ્ર દેશમાં ૨૨મી માર્ચથી પણ ગુજરાતમાં ૨૧મીથી લોકાડઉન હતું. પહેલા લોકડાઉન બાદ સળંગ તેમાં વધારો કરવામાં આવ્યો. જેની પાછળનો આશય કોરોના સંક્રમણને શક્ય એટલી રીતે ફેલાતું રોકવું. પંચાવન દિવસના લૉકડાઉન દરમિયાન અને ખાસ કરીને રવિવારના દિવસ સુધી રાજ્યમાં કોરોનાના પોઝિટિવ કેસની સંખ્યા ૧૧,૩૮૦, કુલ મૃત્યુ આંક ૬૫૯એ પહોંચ્યો જે દેશમાં મોખરાના ત્રણ સ્થાનોમાં રહ્યો. પ્રતિ દસ લાખની વસતીએ ટેસ્ટની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી ગઈ. અલબત્ત, સાજા થઈને ઘરે જતા દર્દીઓની સંખ્યામાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે. છતાં કયા વિસ્તારોમાં લૉકડાઉનનો કડક અમલ થશે, કેવો અમલ થશે, રાજ્યના કયા કયા ઉદ્યોગો, વેપાર, ધંધા, વાહન વ્યવહારને ક્યાં કેટલા પ્રમાણમાં મુક્તિ મળશે તે વિષે હવે લોકોમાં અજંપો વધતો ગયો છે. લોકોની ધીરજની કસોટીનો આ કાળ છે કારણકે દરેકના મનમાં કોરોનાના ભયની સાથે હવે આજીવિકાનો ય ભય વધ્યો છે. આ સંજોગોમાં પોતે ક્યારથી ઘરમાં નિયમિત આવક લાવી શકશે તે વિષે ચિંતા વધતી ગઈ ત્યારે લોકોને સ્પષ્ટપણે અને ઝડપથી નિયંત્રણો અને મોકળાશની જાણકારી આપવામાં રૂપાણી સરકાર સદંતર નિષ્ફળ નિવડી હોવાની લાગણી વ્યાપક બનવા માંડી હતી.

નવા કન્ટેનમેન્ટ ઝોન આજે જાહેર થશે

। ગાંધીનગર ।

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સોમવારે ચોથા તબક્કાના લોકડાઉનનો કન્ટેઈનમેન્ટ ઝોનની બહાર આર્થિક પ્રવૃતિઓને વધુ છુટછાટ આપવાનું જાહેર કરતા તમામ જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કોર્પોરેશન એરિયામાં સ્થાનિક તંત્ર દ્વારા મંગળવારે નવેસરથી કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર થશે એમ જણાવ્યું હતુ. આથી, આવતીકાલે કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરો પોતાના તાબા હેઠળના ક્ષેત્રોમા જ્યા કોવિડ-૧૯ના ચેપના ફેલાવાની તીવ્રતાને આધારે હવે નવા ઝોન જાહેર કરશે. ગુજરાતમાં હાલમા ૨૫૩ કન્ટેઈનમેન્ટ ઝોન હેઠળ નિયંત્રણ વ્યવસ્થા કાયમ છે. લોકડાઉનના ચોથા તબક્કે કન્ટેઈનમેન્ટ ઝોનની બહાર આર્થિક પ્રવૃતિઓને વધુ તેજ કરવા છુટછાટ આપવામા આવી છે. આવા એરિયામાં ચેપના ફેલાવાની તીવ્રતા ઉપર બ્રેક મારવા લોકડાઉનનો ચૂસ્ત અને કડકાઈ પૂર્વક અમલ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. સોમવારે વિડિયો કોન્ફરન્સ દરમિયાન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના તમામ કલેકટર, મ્યુ. કમિશનરોને પોતાના તાબા હેઠળના વિસ્તારોમાં કોરોના વાઈરસના ફેલાવાની તિવ્રતાને આધારે નવેસરથી કન્ટેઈનમેન્ટ ઝોનના વિસ્તારોનું રેખાકંન કરીને તેના જાહેરનામા બહાર પાડવા કહ્યુ હતુ. મંગળવારે નવા કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર થયા બાદ આવનારા સમયમાં પણ તે વિસ્તારોમા કોવિડ-૧૯ના પોઝિટિવ કેસ, તેમા થતી વધઘટને આધારે સમિક્ષા કરીને તેને યથાવત રાખવા, ફેરફાર કે તેને નિરસ્ત કરવાના નિર્ણયો પણસ્થાનિક સ્તરે લેવા અધિકારો આપ્યા છે.

બીજા રાજ્યોના શ્રમિકોની વતન વાપસી થઈ, ઝારખંડવાળા રહી જતાં ધીરજ ખૂટી

IIMની સાઈટ પરના શ્રમિકોનો ઉશ્કેરાઈ પથ્થરમારો : પોલીસે નિર્દયતાથી માર્યા

વસ્ત્રાપુરની પીએસપી કોલોનીમાં મહિલાઓને પણ ફટકારીઃ ટિયર ગેસ, લાઠી ચાર્જનો છૂટથી ઉપયોગ

। અમદાવાદ ।

સુરત અને રાજકોટ પછી અમદાવાદમાં પણ પોતાના વતન જવા અધીરા બનેલા અને અન્ય રાજ્યોના શ્રમિકોની જવાની વ્યવસ્થા થઈ પણ પોતાના માટે કોઈ જ સાંભળનાર ન દેખાતાં આઈઆઈએમના એક બિલ્ડિંગની સાઈટ પર કામ કરતાં ઝારખંડના શ્રમિકોની ધીરજનો પાળ તૂટ્યો અને તોડફોડ, હિંસાચાર પર ઉતર્યા હતા. એક તબક્કે તો તેમના ભભૂકેલા રોષથી પોલીસે પણ ભાગવું પડ્યું હતું. પરંતુ, વધુ પોલીસબળ ભેગું કરી ટિયરગેસના ચાર સેલ છોડી શ્રમિકોને વિખેરી પોલીસ નિર્દયતાથી આ શ્રમિકો પર તૂટી પડી હતી. એટલે સુધી કે, વસ્ત્રાપુરની પીએસપી કોલોનીમાં રહેતા આ શ્રમિકોના ઘરમાં ઘુસી પોલીસે મહિલાઓ સહિતનાને બેરહેમીથી માર્યા હતા. આશરે ૩૫ જેટલા ઝારખંડથી આવેલા શ્રમિકોની અટકાયત કરવામાં આવી હતી. આઈઆઈએમ, અંધજન મંડળ, અમદાવાદ વન મોલ પાસેના વિસ્તારમાં બનેલી આ ઘટનાના કારણે બે કલાક સુધી આખો વિસ્તાર કોર્ડન કરી દેવાયો હતો.

વસ્ત્રાપુર આઈઆઈએમમાં ચાલી રહેલા કન્સ્ટ્રકશન સાઈટ પર રહેતા આ ૩૦૦ જેટલા મજૂરોએ સોમવારે સવારે આઈઆઈએમથી લઈ અંધજન મંડળ સુધીના રસ્તા પર ઉશ્કેરણી સાથે નિકળી પડ્યા હતા. અમને વતનમાં કેમ મોકલતા નથી તેમ બૂમો પાડી રોડ પર તોફાન મચાવ્યું હતું. એટલામાં દોડી આવેલી પોલીસને જોતાં જ પથ્થરમારો શરૂ કર્યો હતો.આમા, એક મહિલા ટીઆરબી જવાન સહિત પાંચ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. તેમને કાબુમાં લેવા ચાર ટિયરગેસના સેલ છોડાયા હતા પરંતુ તેનાથી વધુ ઉશ્કેરાટ ફેલાતાં ટોળાએ પોલીસનો પીછો કરતા પોલીસે પણ પરત ભાગવાની ફરજ પડી હતી.

મજૂરોએ તોડફોડ કરી આઈઆઈએમની સાઈટ પર અને પોલીસના સરકારી વાહનો મળી સાડા ત્રણ લાખ રૂપિયાનું નુકસાન પણ કર્યું હતું. આ અંગે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. પોલીસે ૩૫ જેટલા આરોપીઓની અટકાયત કરી તેમના રિપોર્ટ કઢાવવા માટે તજવીજ હાથ ધરી છે કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ આરોપીઓની ધરપકડ કરવામાં આવશે.પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે

‘ઝારખંડ જવાની બસ આવવાની છે’ની અફવા ફેલાવાઈ

આલ્ફા વન મોલની પાછળ આવેલી પીએસપી કોલોની માં સવારે ચારથી પાંચ બાઇક પર આવેલા શખ્સો સ્થાનિક લોકોને માહિતી આપી હતી કે ઝારખંડ જવાની બસ આજે આવવાની છે. તેના આધારે ટોળું બહાર આવ્યું હોવાની પોલીસને શંકા છે પોલીસે બાઇક પર આવેલા પોલીસ જેવા લાગતા આ ચારથી પાંચ શખ્સોની તપાસ હાથ ધરી છે.

બીજા રાજ્યોના શ્રમિકો માટે વ્યવસ્થા થઈ, પોતે રહી જતાં ઉશ્કેરાયા

બિહાર, MP-UP મજૂરો વતન જતા ઝારખંડના મજૂરોએ વતન જવા મામલે સાઇટ પર હોબાળો કર્યો હતો. જો કે, સાઇટ પર હાજર સુપરવાઇઝરે શ્રમિકોને કહ્યું કે, તમામ મજૂરોનું ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે પરંતુ ઝારખંડ સરકાર ત્યાંથી મંજૂરી આપતી નથી એટલે તમને મંજૂરી મળે એટલે તમને ત્યાં મોકલી દેવામાં આવશે. આ સાંભળીને શ્રમિકો ઉશ્કેરાયા હતા.

પાછળ મોટું ટોળું આવે છે તમારાથી કંટ્રોલ નહીં થાય

IIMના સિક્યુરિટી ગાર્ડને ૪ જેટલા મજુરો અને સવારે ૯:૩૦ વાગે ચેતવણી આપી હતી કે, અમને ઝારખંડ મોકલો પાછળ મોટું ટોળું આવી રહ્યું છે તેને તમે કંટ્રોલ નહીં કરી શકો તેથી આ સમાચાર સાંભળતા સિક્યુરિટી ગાર્ડે સિક્યુરિટી ઓફિસર ને જાણ કરતા IIMનો ગેટ બંધ કરી દીધો હતો.

આસપાસના લોકો કરિયાણું અને જમવાનું પણ આપતા હતા

આસપાસના લોકો કરિયાણું અને જમવાનું પણ આપતા હતા ઝારખંડના મજૂર મોટી સંખ્યામાં પીએસપી કોલોનીમાં રહેતા હતા. આ કોલોનીમાં રહેતા મજૂરોને આસપાસના લોકોએ કરિયાણું-જમવાનું આપતા હતા.

This addendum to the Letter of Offer, the Abridged Letter of Offer, the Application Form and the Rights Entitlement Letter ("**Addendum**") in India is for information purposes only and does not constitute an offer or an invitation or a recommendation to purchase, to hold, to subscribe or sell either entitlements or securities.
All capitalized terms used herein and not defined herein shall have the meaning assigned to them in the letter of offer dated May 15, 2020 (the "**Letter of Offer**") filed with the stock exchanges, namely BSE Limited ("**BSE**") and National Stock Exchange of India Limited ("**NSE**" and together with BSE, "**Stock Exchanges**") and the Securities and Exchange Board of India ("**SEBI**").

Reliance Industries Limited

Our Company was originally incorporated as "Mynylon Limited" in the State of Karnataka as a public limited company, under the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated May 8, 1973 issued by the Registrar of Companies, Karnataka, at Bangalore. Thereafter our Company obtained a certificate of commencement of business on January 28, 1976. Subsequently, the name of our Company was changed to "Reliance Textile Industries Limited" and a fresh certificate of incorporation consequent on change of name dated March 11, 1977, was issued by the Registrar of Companies, Karnataka, at Bangalore. The name of our Company was further changed to "Reliance Industries Limited" and a fresh certificate of incorporation consequent on change of name dated June 27, 1985 was issued by the Registrar of Companies, Maharashtra, at Mumbai. For details of changes in our name and address of our registered office, see "*History and Corporate Structure*" on page 121 of the Letter of Offer.

Registered and Corporate Office: 3rd Floor, Maker Chambers IV, 222, Nariman Point, Mumbai 400 021
Telephone: +91 (22) 3555 5000; **Facsimile**: +91 (22) 2204 2268
Contact Persons: Shri K. Sethuraman, Group Company Secretary and Chief Compliance Officer, and Smt. Savithri Parekh, Joint Company Secretary and Compliance Officer
E-mail:investor.relations@ril.com • **Website**: www.ril.com • **Corporate Identity Number:** L17110MH1973PLC019786

PROMOTER OF OUR COMPANY: SHRI MUKESH D. AMBANI

ISSUE OF 42,26,26,894 PARTLY PAID-UP EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH ("RIGHTS EQUITY SHARES") OF OUR COMPANY FOR CASH AT A PRICE OF ₹ 1,257 PER RIGHTS EQUITY SHARE (INCLUDING A PREMIUM OF ₹ 1,247 PER RIGHTS EQUITY SHARE) AGGREGATING TO ₹ 5,31,24,20,05,758 ON A RIGHTS BASIS TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY IN THE RATIO OF 1 (ONE) RIGHTS EQUITY SHARE FOR EVERY 15 FULLY PAID-UP EQUITY SHARES HELD BY THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY ON THE RECORD DATE, THAT IS, ON MAY 14, 2020 (THE "ISSUE"). FOR DETAILS, SEE "*TERMS OF THE ISSUE*" ON PAGE 272 OF THE LETTER OF OFFER.

ADDENDUM TO THE LETTER OF OFFER, THE ABRIDGED LETTER OF OFFER, THE APPLICATION FORM AND THE RIGHTS ENTITLEMENT LETTER

This Addendum is being issued pursuant to item (4) of Schedule IX of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended ("SEBI ICDR Regulations"). Our Company has filed the Letter of Offer with the Stock Exchanges and SEBI.

NOTICE TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF THE COMPANY

Eligible Equity Shareholders are requested to please note the following:

1) Schedule for payment of the balance amount of ₹ 942.75 per Rights Equity Share:

As disclosed in the Letter of Offer, Abridged Letter of Offer, Application Form and Rights Entitlement Letter, on Application, Investors are required to pay ₹ 314.25 per Rights Equity Share, which constitutes 25% of the Issue Price and the balance ₹ 942.75 per Rights Equity Share which constitutes 75% of the Issue Price, will have to be paid, on one or more subsequent Call(s), as determined by our Board (which includes a duly constituted committee thereof) at its sole discretion, from time to time.

The Rights Issue Committee, pursuant to its resolution dated May 17, 2020, has proposed the following schedule for payment of the balance amount of ₹ 942.75 per Rights Equity Share (constituting 75% of the Issue Price):

(i) ₹ 314.25, *i.e.*, 25% of the Issue Price in May 2021; and

(ii) ₹ 628.50, *i.e.*, the balance 50% of the Issue Price in November 2021.

Board shall make the Calls for the aforesaid purpose at the relevant time.

2) Investment by General Atlantic in Jio Platforms Limited ("JPL"):

On May 17, 2020, our Company announced that General Atlantic shall invest ₹ 6,598.38 crore into our subsidiary, JPL. This investment by General Atlantic values JPL at an equity value of ₹ 4.91 lakh crore and an enterprise value of ₹ 5.16 lakh crore. This investment will translate into a 1.34% equity stake of General Atlantic into JPL on a fully diluted basis. The transaction is subject to regulatory and other customary approvals.

Accordingly, the Letter of Offer (including section titled "Material Developments" on page 245 of the Letter of Offer), Abridged Letter of Offer, Application Form and Rights Entitlement Letter stand amended to the extent stated hereinabove. This Addendum should be read in conjunction with the Letter of Offer, Abridged Letter of Offer, Application Form and Rights Entitlement Letter. This Addendum shall be submitted to SEBI and the Stock Exchanges. Further, this Addendum can be accessed on websites of:

(i) our Company at www.ril.com;

(ii) the Registrar and at the Registrar's web-based application platform at https://rights.kfintech.com; and

(iii) the Global Co-ordinators and Lead Managers and the Lead Managers.

Investors should only rely on the information included in this Addendum, the Letter of Offer, the Abridged Letter of Offer, the Application Form and the Rights Entitlement Letter while making an investment decision to invest in the Issue.

For **RELIANCE INDUSTRIES LIMITED**
Sd/
K. Sethuraman
Group Company Secretary and Chief Compliance Officer
Place: Mumbai
Date: May 18, 2020

For **RELIANCE INDUSTRIES LIMITED**
Sd/
Savithri Parekh
Joint Company Secretary and Compliance Officer
Place: Mumbai
Date: May 18, 2020

RELIANCE INDUSTRIES LIMITED is proposing, subject to market conditions and other considerations, a rights issue of its Rights Equity Shares and has in this regard filed a Letter of Offer dated May 15, 2020 with SEBI and the Stock Exchanges. The Letter of Offer is available on the website of SEBI at www.sebi.gov.in, the Stock Exchanges, i.e., BSE Limited at www.bseindia.com, National Stock Exchange of India Limited at www.nseindia.com, Registrar's web-based application platform at https://rights.kfintech.com and on the websites of the Global Co-ordinators and Lead Managers, JM Financial Limited and Kotak Mahindra Capital Company Limited at http://www.jmfl.com and http://www.investmentbank.kotak.com, respectively, and on the websites of the Lead Managers, Axis Capital Limited, BNP Paribas, Citigroup Global Markets India Private Limited, DSP Merrill Lynch Limited, Goldman Sachs (India) Securities Private Limited, HDFC Bank Limited, HSBC Securities and Capital Markets (India) Private Limited, ICICI Securities Limited, IDFC Securities Limited, J.P. Morgan India Private Limited, Morgan Stanley India Company Private Limited and SBI Capital Markets Limited at http://www.axiscapital.co.in, http://www.bnpparibas.co.in, http://www.mlindia.com, http://www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.goldmansachs.com,www.hdfcbank.com, https://www.business.hsbc.co.in/en-gb/in/generic/ipo-open-offer-and-buyback, http://www.icicisecurities.com, http://www.idfc.com/capital/index.htm, http://www.jpmipl.com, http://www.morganstanley.com/about-us/global-offices/asia-pacific/india and http://www.sbicaps.com, respectively. Investors should note that investment in equity shares involves a degree of risk and are requested to refer to the section titled "Risk Factors" on page 23 of the Letter of Offer for details of the same.

THE RIGHTS ENTITLEMENTS AND THE RIGHTS EQUITY SHARES HAVE NOT BEEN AND WILL NOT BE REGISTERED UNDER THE US SECURITIES ACT, OR ANY U.S. STATE SECURITIES LAWS AND MAY NOT BE OFFERED, SOLD, RESOLD OR OTHERWISE TRANSFERRED WITHIN THE UNITED STATES, EXCEPT IN A TRANSACTION EXEMPT FROM THE REGISTRATION REQUIREMENTS OF THE US SECURITIES ACT. THE RIGHTS EQUITY SHARES REFERRED TO IN THIS ADDENDUM AND THE LETTER OF OFFER ARE BEING OFFERED AND SOLD (I) IN OFFSHORE TRANSACTIONS OUTSIDE THE UNITED STATES IN COMPLIANCE WITH REGULATION S UNDER THE US SECURITIES ACT TO EXISTING SHAREHOLDERS LOCATED IN JURISDICTIONS WHERE SUCH OFFER AND SALE OF THE RIGHTS EQUITY SHARES IS PERMITTED UNDER LAWS OF SUCH JURISDICTIONS AND (II) IN THE UNITED STATES TO U.S. QIBs PURSUANT TO SECTION 4(A)(2) OF THE US SECURITIES ACT AND OTHER EXEMPTIONS FROM THE REGISTRATION REQUIREMENTS OF THE US SECURITIES ACT. THE OFFERING TO WHICH THIS ADDENDUM AND THE LETTER OF OFFER RELATE IS NOT, AND UNDER NO CIRCUMSTANCES IS TO BE CONSTRUED AS, AN OFFERING OF ANY RIGHTS EQUITY SHARES OR RIGHTS ENTITLEMENTS FOR SALE IN THE UNITED STATES OR AS A SOLICITATION THEREIN OF AN OFFER TO BUY ANY OF THE SAID SECURITIES, EXCEPT IN EACH CASE TO PERSONS IN THE UNITED STATES WHO ARE U.S. QIBs. ACCORDINGLY, YOU SHOULD NOT FORWARD OR TRANSMIT THIS ADDENDUM OR LETTER OF OFFER IN OR INTO THE UNITED STATES AT ANY TIME (OTHER THAN TO U.S. QIBs).

All offers and sales in the United States of the Rights Entitlements and the Rights Equity Shares have been, or will be, made solely by our Company. The Global Co-ordinators and Lead Managers and the Lead Managers are not making, and will not make, and will not participate or otherwise be involved in any offers or sales of the Rights Entitlements, the Rights Equity Shares or any other security with respect to this Issue in the United States.